# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા તા. 23-05-2021 ના રોજ દેશના તમામ રાજ્યોના શિક્ષણ મંત્રીશ્રીઓ સાથે વિડીઓ કોન્ફરન્સના માધ્યમથી સી.બી.એસ.ઈ., બોર્ડ દ્વારા ધોરણ 12ની જાહેર પરીક્ષા યોજવા માટેના વિવિધ વિકલ્પો તથા NEET, JEE અને ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ માટેની પરીક્ષા યોજવા બાબતે રાજ્યો પણ કેવી રીતે તૈયાર છે તે અંગે માનનીય સરક્ષણ મંત્રીશ્રી ભારત સરકારની અધ્યક્ષતામાં બેઠક યોજાયેલ. જેમાં સી.બી.એસ.ઈ. બોર્ડ દ્વારા ધોરણ 12ની પરીક્ષા યોજવા માટેના બે વિકલ્પોની ચર્ચા કરવામાં આવી.

વિકલ્પ 1 – હાલની ત્રણ કલાકના સમય ગાળાની પરીક્ષા પધ્ધતિથી વર્ણાત્મક સ્વરુપની લેખિત પરીક્ષા યોજવી અને તે માટે પરિણામ જાહેર કરવા સુધીના સમયગાળાની ચર્ચા કરવામાં આવેલ.

વિકલ્પ 2 – નિયત કરેલા અભ્યાસક્રમના બહુ વિકલ્પ પ્રકારના પ્રશ્નો અને ટૂંક જવાબી પ્રશ્નોના માળખાને ધ્યાને લઇ 90 મીનીટમાં પ્રશ્નપત્ર પૂરું થાય તેવા પ્રશ્નપત્રનો ઉપયોગ કરીને પરીક્ષા યોજવાના વિકલ્પ વિષે ચર્ચા કરવામાં આવેલ.

સમગ્ર દેશના તમામ રાજ્યોના શિક્ષણ મંત્રીશ્રીઓ દ્વારા ચર્ચામાં ભાગ લેવામાં આવેલ હતો. ચર્ચામાં ભાગ લેતા માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા જણાવવામાં આવ્યું કે વિદ્યાર્થીઓની કારકિર્દી મહત્વની છે, તેટલી જ તેઓની સુરક્ષા પણ મહત્વની છે. પરીક્ષાઓ યોજતી વખતે કોવિડ-19ની ગાઈડ લાઈનનુ ચુસ્તપણે પાલન કરીને પરીક્ષા યોજવાનું આયોજન કરવામાં આવશે અને ભારત સરકાર દ્વારા યોજવામાં આવતી ઉચ્ચ અભ્યાસ માટેની પ્રવેશ પરીક્ષાઓ માટે જરૂરી સહયોગ પૂરો પાડવામાં આવશે.

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 12ની પરીક્ષા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે પરિસ્થિતિની સમીક્ષા અને પરામર્શ કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.**

સહી/-
(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
બોર્ડ

તારીખ: -23/05/2021
સ્થળ : - ગાંધીનગર